જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૦/૨૦૧૬ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી ૯૧ લીટર દેશી દારૂ અને ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૨૫૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૫ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૬૮/૧૬**

**સોલા હાઇકોર્ટ** : મુકેશ કરશનભાઇ ધોળકીયા (રહે,સાંગાણી પ્લેટીનમ, શ્રીનાથ રેસીડેન્સી પાસે, નારોલ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૦/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૧૨/૧૦/૧૬ ના કલાક ૨/૪૫ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન ગામ સોલા, થલતેજ દેવનગર ખાતે આવેલ રીલાયંસ ફ્રેસના પાછળનાં ભાગે આવેલ ટોઇલેટનાં ફેનની બારીની જાળી તોડી, અજાણી વ્યક્તિ રીલાયંસ ફ્રેસની અંદર પ્રવેશ કરી, મોબાઇલ તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૦૨,૭૬૮/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.કે.શ્રીમાળી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૬૯/૧૬**

**ઇસનપુરઃ** અશ્વિનભાઇ બાબુભાઇ પટેલ (રહે.વસોયા પાર્ક, સર્વોદય સ્કુલની બાજુમાં, ઘાટલોડીયા) તા.૧૨/૧૦/૧૬ બપોરના ૩/૦૦ થી ૩/૪૫ વાગ્યા દરમ્યાન નારોલ થી ઇસનપુર ચાર રસ્તા જતાં હાઇવે ઉપર, રિલાયંસ પેટ્રોલપંપ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાડ્રાઇવર સાઇડનો પાછળનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૧૬,૦૦૦/- મુકેલ બેગ તેમજ અગત્યનાં દસ્તાવેજોની ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ અશ્વીનભાઇ પટેલે ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.ડી.વૈષ્યક ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૮૭૦/૧૬**

**વાડજઃ** કમલાબહેન તે જુગરાજજી ચંપાલાલજી લાફનાની વિધવા પત્ની (ઉ.વ.૬૭) (રહે.આંગી-3 જવેરીપાર્ક પાસે, જુનાવાડજ) તા.૧૨/૧૦/૧૬ સાંજનાં ૬/૧૫ વાગ્યાના સુમારે જુનાવાડજ સીંધી હાઈસ્કુલ ચાર રસ્તા નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો કમલાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયા હતા. આ અંગેની ફરીયાદ કમલાબહેન લાફનાએ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૧/૧૬**

**“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન** : શશીરંજન અશોકભાઈ કુરમી (રહે.જલ દર્શન પાર્ક કે પી હાઈટસની બાજુમાં વિરાટનગર રોડ ઓઢવ) એ “જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૦/૧૬ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે શશીરંજન તથા તેના પિતા અશોકભાઈ રામેશ્વરપ્રસાદ કુરમી (ઉ.વ.૪૮) ટ્રેકટર નંબર જીજે ૨૭ બી ૫૭૪ ના ટ્રોલીના પાટીયા ઉપર બેસી ગુરૂજીબ્રીજ આરાધના વિદ્યાલયની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રેકટરના ચાલકે ટ્રેકટર બેદરકારીથી ચલાવતા શશીકાંતના પિતા અશોકભાઈ પડી જતા ટ્રેકટરની ટ્રોલીનુ વ્હીલ અશોકકુમાર ઉપર ફરી વળતા ગંભીર ઈજાઓ થતા એલ જી હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.વી.જાડેજા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૨/૧૬**

**રીવરફ્રન્ટ(વેસ્ટ)** : રાહુલ અનિલભાઈ મિશ્રા (ઉ.વ.૨૨)(રહે.રામોલ રેસીડન્સી, રામોલ ગામ) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૦/૧૬ કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી નદીના પુર્વ છેડે, બાબા લબલબીની દરગાહ પાસે, સરદારબ્રીજથી થોડે દુર નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યોગેન્દ્રસિંહ દિલીપસિંહ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)